# કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી

બ્લોક-૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન,

સેક્ટર-૧૦, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦

Email id- commissionermdm@gmail.com, Office No.-079-232-53450


મધ્યાહન ભોજન યોજના
Mid Day Meal Scheme

સ્મૃતિપત્ર-૧

ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૨-૨૩/ ૧૮૧૭૦-૧૮૨૧૮ તા.૨૬/૦૯/૨૦૨૨

26 SEP 2022

પ્રતિ

(૧) નાયબ કલેક્ટરશ્રી,
મધ્યાહન ભોજન યોજના,
તમામ જિલ્લા/કોર્પોરેશન

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પંચાયતની કચેરી,
તમામ જિલ્લા

(૩) શાસના અધિકારીશ્રી,
તમામ કોર્પોરેશન

વિષય :- રાષ્ટ્રીય પોષણ માહ સપ્ટેમ્બર-૨૦૨૨માં હાથ ધરવાની કામગીરી

સંદર્ભ :- અત્રેની કચેરીના તા.૦૩/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૨-૨૩/૧૭૦૪૫-૪૯

શ્રીમાન,

આપશ્રી સુવિદિત છો કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૨૨ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં કરવાની થાય છે. પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૨માં સંદર્ભમાં દર્શાવેલ અત્રેના પત્ર મુજબ રાજ્યની તમામ શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા પુનઃ વિનંતી કરવામાં આવે છે.

MDM

ઉક્ત પત્રની વિગતે નીચે મુજબની થીમ પર ભાર મૂકી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા પુનઃ વિનંતી કરવામાં આવે છે.

૧. મહિલા અને સ્વાસ્થ્ય

૨. બચ્ચા અને શિક્ષા (Poshan bhi Padhai Bhi)

3. જાતીગત સંવેદનશીલતા, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન

૪. આદિવાસી વિસ્તારમાં મહિલાઓ અંને બાળકો માટે પરંપરાગત ખોરાક

પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૨માં ભારત સરકારના તા.૩૧/૦૮/૨૦૨૨ના પત્રથી મળેલ સૂચનાઓ મુજબ પોષણ માહની ઉજવણીના ભાગરૂપે પ્રત્યેક બાળકને પોષણ અને ન્યુટ્રિશન અંગેની જાગૃતિ કાર્યક્રમ, સ્કૂલ ન્યુટ્રિશન ગાર્ડન વિકસાવવા, સોશિયલ ઓડિટ, પાણીની બચત અને મેનેજમેન્ટ કરવા હેતુ સાઇન્સ ફેર કરવા જણાવવામાં આવેલ છે. આનાથી કુપોષિત બાળકના પોષણના સ્તરને મદદ મળશે તથા બાળકોમાં સામાજિક જવાબદારી અને સ્વયંસેવકની ભાવના પણ પ્રાપ્ત થશે. આ ઉદ્દેશ્ય માટે આપની કક્ષાએથી <u>૦૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨</u> દરમિયાન શાળાઓમાં આ પ્રકારની પ્રવૃતિઓનું આયોજન કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા તથા આપની તાબાની કચેરીઓ તે માટે માર્ગદર્શક સૂચનાઓ આપવા પુનઃ વિનંતી છે.

ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના તા.૩૧/૦૮/૨૦૨૨ ના પત્રમાં નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવા જણાવેલ છે.

૧. <u>પોષણ શપથ :-</u> રાજ્યની દરેક શાળામાં વિધાર્થીઓને ભારત સરકારશ્રી તરફથી મળેલ તા.૦૧/૦૯/૨૦૨૨ના આ સાથે બિડેલ પત્ર મુજબ ગુજરાતી ભાષામાં પોષણ અંગેની શપથ લેવરાવવી.

1. હું મારી જાતને સુપોષિત રાખીશ અને મારા મિત્રો અને પરિવારમાં સ્વસ્થપ્રદ આહારનો સંદેશ ફેલાવીશ.
2. હું જંક ફૂડ અને બિનઆરોગ્યપ્રદ સોફ્ટ ડ્રિંક્સ ખરીદીશ નહીં, તેનો પ્રચાર અને ઉપયોગ કરીશ નહીં અથવા ભેટ આપીશ નહીં.
3. હું લીલા પાંદડાંવાળા શાકભાજી અને ફળો ખાઈશ. હું સુરક્ષિત રસોઈ અને ખાવાની આદતો અપનાવીશ અને પ્રોત્સાહન આપીશ.
4. હું નિયમિત સમયાંતરે પાણી પીતો રહીશ અને નિયમિતપણે હાથ ધોવાની તંદુરસ્ત આરોગ્યપ્રદ આદતોનો અભ્યાસ કરીશ.

૨. રાજ્યની દરેક શાળામાં પોષણ માહ દરમિયાન "પોષણ ભી, પઢાઈ ભી"ને સાંકળી પોષણ અંગે જાગૃતિ માટેના બેનર, સૂત્રો શાળામાં લગાવવા અને પોષણ જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવા.

3. પોષણ મેળા, રેલી, શેરી નાટક દ્વારા પોષણ અંગે જાગૃતિ લાવવી તથા સ્થાનિક જાડા ધાન (Millets) જેવા કે બાજરા, જુવાર, રાગી વિગેરે ખોરાકમાં પોષણલક્ષી અગત્યતા સમજાવવી.

૪. આરોગ્ય અને શારીરિક સ્વાસ્થ્ય અંગે કિશોરીઓમાં જાગૃતિ હેતુથી ચર્ચા કરવા માટે હેલ્થ અને એક્ટિવિટી ક્લબનું આયોજન કરવું.

૫. <u>ઇ-ક્વિઝ કોમ્પીટીશન :-</u> આરોગ્યપ્રદ ખોરાક અને પોષણલક્ષી બાબતોની વિગતોને સમાવતી ઇ-ક્વિઝ કોમ્પિટીશન MyGov પર આયોજન કરવું.

૬. <u>સ્કૂલ ન્યુટ્રીશન ગાર્ડન (કિચન ગાર્ડન) :-</u> વિદ્યાર્થીઓને શાળામાં સ્કૂલ ન્યુટ્રેશન ગાર્ડન (કિચન ગાર્ડન)ની પ્રવૃત્તિમાં પોષણલક્ષી શિક્ષણના હેતુથી સામેલ કરવા.

૭. <u>જળ પ્રબંધન અને સંરક્ષણ :-</u> પાણીની ઉપયોગીતા અને જળ બચાવો જાગૃતિ માટેના શાળામાં કાર્યક્રમ કરવો.

૮. સ્વયંપ્રભા ચેનલ પર પોષણ અંગેના કાર્યક્રમો વધુને વધુ વિદ્યાર્થીઓ/લોકો નિહાળે તે માટે જરૂરી કાર્યવાહી કરવી.

૯. NCERT દ્વારા નિયત અભ્યાસક્રમમાં આવેલ પોષણ અને આરોગ્યલક્ષી પ્રકરણોનો પોષણ માસ દરમિયાન દરેક ધોરણના વિધાર્થીઓને અભ્યાસ કરાવવા.

ઉપર મુજબની પ્રવૃત્તિઓ દરેક શાળામાં આયોજિત થાય અને રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય તે માટે સઘન પ્રયત્નો કરવા તથા રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળ શાળા અને બ્લોક લેવલની પ્રવૃત્તિઓની વિગતો **<u>poshanabhiyaan.gov.in</u>** વેબસાઇટ પર અચૂક અપલોડ કરવાની સૂચનાઓ આપવા પુનઃ વિનંતી કરવામાં આવે છે.

સંયુક્ત કમિશનર
મધ્યાહ્ન ભોજન યોજના
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના - જાણ સારૂ</u>
પ્રતિ, મિશન ડાયરેક્ટરશ્રી, પોષણ અભિયાન, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.

પત્ર/ક્રમાંક/ MDM/વશી/૨૨૩૫-૨૨૪૫
ખેડા જિલ્લા પંચાયત, શિક્ષણ શાખા,
નડીઆદ. તા. ૨૬ / ૦૯ / ૨૦૨૨

પ્રતિ,
તાલુકા પ્રા. શિક્ષણાધિકારીશ્રી (બધા)
તાલુકા પંચાયત કચેરી, બધા.
તરફ જોગ

ઉક્ત બાબતે અમલવારી સારૂ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ